# SARDAR PATEL UNIVERSITY

VALLABH VIDYANAGAR -388 120 GUJARAT

Phone:(02692)–226815

Website: www.spuvvn.edu Email ID: registrar_spu@spuvvn.edu


NAAC Accredited with Grade 'A' (10-01-2023 to 09-01-2028)

## EMPLOYMENT NOTIFICATION No. B/S/2/7478 Date: 26/12/2025

## Adv. No. EST-34-2025 to EST-37-2025

Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar-388120, invites online applications in the prescribed form for the following **Administrative Positions** to be filled up in accordance with the Government of Gujarat Education Department's letter No.SPU/1217/CHE-95/kh-2 dated 08/01/2018 & ED/MIS/e-file/3/2025/2912/KH-2 dated 29/05/2025 and the various provisions under "The Gujarat Public Universities Act-2023" & "The Gujarat Public Universities Uniform Statutes-2024".

Separate application is required for each post, otherwise the application form will not be considered.

**# Important Dates:**

| | |
|---|---|
| Date of Commencement of online Application | **31/12/2025** |
| Last date for submission online Application | **20/01/2026 Up to 11:59 P.M.** |

**# Processing Fees: (To be paid through online mode)**

| | | |
|---|---|---|
| 1 | For General category candidates | Rs.1000/- (Non-refundable) |
| 2 | For other category candidates | Rs.450/- (Non-refundable) |

| Adv. No. | Name of the Posts | No. of Post & Category | | | | |
|---|---|---|---|---|---|---|
| | | SC | ST | SEBC | EWS | General |
| EST-34-2025 | **Workshop Mechanic**<br>(Fixed Pay of Rs.40,800/- for five years)<br>(VPR 29200-92300) PML-5 | --- | --- | --- | --- | 01 |
| EST-35-2025 | **Mechanical Attendant**<br>(Fixed Pay of Rs.26,000/- for five years)<br>(VPR 25500-81100) PML-4 | --- | --- | --- | --- | 01 |
| EST-36-2025 | **Technician C**<br>(Fixed Pay of Rs.26,000/- for five years)<br>(VPR 25500-81100) PML-4 | --- | --- | --- | --- | 01 |
| EST-37-2025 | **Wireman**<br>(Fixed Pay of Rs.26,000/- for five years)<br>(VPR 19900-63200) PML-2 | --- | --- | --- | --- | 01 |

The above posts carry the PML and other benefits like D.A. and others as per norms of the State Government and University, as amended rules from time to time.

## :: QUALIFICATIONS ::

| Adv. No. | Name of Posts | Qualifications |
|---|---|---|
| EST-34-2025 | **Workshop Mechanic**<br>(Fixed Pay of Rs.40,800/- for five years)<br>(VPR 29200-92300) PML-5 | Diploma in Electrical / Mechanical / Refrigeration & Air Conditioning from recognized institute and at least Three (3) years experience in maintenance and repairs of instruments in laboratory workshops.<br>**OR**<br>Electrical Supervisors certificate from government recognized institute and atleast five (5) years experience in maintenance and repairs of instruments in laboratory workshops.<br>**OR**<br>Second class wireman course from government recognized institute and atleast five (5) years experience in maintenance and repairs of instruments in laboratory workshops.<br>**OR**<br>ITI in Electrician / Mechanical / Refrigeration & Air Conditioning from government recognized institute and at least Three (5) years experience in maintenance and repairs of instruments in laboratory workshops.<br>Age Limit: **Below 35 years** |
| EST-35-2025 | **Mechanical Attendant**<br>(Fixed Pay of Rs.26,000/- for five years)<br>(VPR 25500-81100) PML-4 | Diploma in Electrical / Mechanical / Refrigeration & Air Conditioning from recognized institute and at least Two (2) years experience in maintenance and repairs of instruments in laboratory workshops.<br>**OR**<br>Electrical Supervisors certificate from government recognized institute and atleast five (5) years experience in maintenance and repairs of instruments in laboratory workshops.<br>**OR**<br>Second class wireman course from government recognized institute and atleast five (5) years experience in maintenance and repairs of instruments in laboratory workshops.<br>**OR**<br>ITI in Electrician / Mechanical / Refrigeration & Air Conditioning from government recognized institute and at least five (5) years experience in maintenance and repairs of instruments in laboratory workshops.<br>Age Limit: **Below 35 years** |
| EST-36-2025 | **Technician C**<br>(Fixed Pay of Rs.26,000/- for five years)<br>(VPR 25500-81100) PML-4 | Diploma in Electronics / Electrical / Mechanical / Refrigeration & Air Conditioning from recognized institute and at least two (2) years experience.<br>**OR**<br>Electrical Supervisors certificate from government recognized institute and atleast five (5) years relevant experience. |

SARDAR PATEL UNIVERSITY

| Adv. No. | Name of Posts | Qualifications |
|---|---|---|
| | | **OR**<br>Second class wireman Certificate from government recognized institute and atleast five (5) years relevant experience.<br>**OR**<br>ITI in Electronics / Electrician / Mechanical / Refrigeration & Air Conditioning from government recognized institute and at least five (5) years relevant experience.<br>Age Limit: **Below 35 years** |
| **EST-37-2025** | **Wireman**<br>(Fixed Pay of Rs.26,000/- for five years)<br>(VPR 19900-63200) PML-2 | BE / B.Tech (Electrical) from government recognized institution with one (1) year experience who can individually do 1 phase / 3 phase wiring repairs and maintenance of domestic wiring and installation.<br>**OR**<br>Diploma (Electrical) from government recognized institution with atleast two (2) year experience who can individually do 1 phase / 3 phase wiring, repairs and maintenance of domestic wiring and installation.<br>**OR**<br>ITI (Wireman / Electrician) / Certified wireman from government recognized institution with atleast three (3) year experience who can individually do 1 phase / 3 phase wiring, repairs and maintenance of domestic wiring and installation.<br><br>Age Limit: **Below 35 years** |

## સામાન્ય સૂચનાઓ અને શરતો

## (A) સામાન્ય સૂચનાઓ:

૧. અરજી કરવા માટેની વિગતવાર સુચનાઓ સહિત સમગ્ર જાહેરાત દરેક ઉમેદવારે ધ્યાનથી વાંચવી જરૂરી છે.

૨. ભરતી પ્રક્રિયા સંબંધેની તમામ સુચનાઓ યુનિવર્સિટી વેબસાઇટ https://www.spuvvn.edu/ પર મુકવામાં આવશે, તેથી સમયાંતરે યુનિવર્સિટીની વેબસાઇટ અચુક જોતા રહેવું.

૩. ઉમેદવારે ઓનલાઇન અરજી કરતાં પહેલા સબંધિત જગ્યાના નિયત શૈક્ષણિક લાયકાત/અનુભવ/ઉંમર અંગેની તમામ બાબતોમાં લાયકાત ધરાવે છે કે કેમ તે અંગેની ખાત્રી કર્યા બાદ જ ઓનલાઇન અરજી કરવાની રહેશે.

૪. ઓનલાઇન અરજી કરતી વખતે ઉમેદવારોએ પોતાની શૈક્ષણિક લાયકાત, ઉંમર, જાતિ તેમજ અન્ય લાયકાતની વિગતો સંપુર્ણ તકેદારી રાખીને ભરવાની રહેશે. અરજીમાં દર્શાવેલ ખોટી વિગતોને કારણે અરજી રદ થવા પાત્ર બનશે.

૫. **ઓનલાઇન અરજીપત્રક તેમજ જરૂરી પ્રમાણપત્રો, જે તે ઉમેદવારે પોતાની પાસે જ રાખવાના રહેશે. યુનિવર્સિટી કાર્યાલયને હાલ પુરતા મોકલવાના રહેશે નહિ. પસંદગી પ્રક્રિયા પ્રમાણે, અરજીની ચકાસણીને પાત્ર ઉમેદવારો પાસેથી શૈક્ષણિક લાયકાત, ઉંમર, જાતિ, અનુભવ તેમજ અન્ય જરૂરી પ્રમાણપત્રોની ચકાસણી રૂબરૂ બોલાવી કરવામાં આવશે. સદર બાબતની માહિતી યુનિવર્સિટી વેબસાઇટ https://www.spuvvn.edu/પર પ્રસિધ્ધ કરવામાં આવશે.**

૬. એકથી વધુ સંવર્ગ માટે અરજી કરવાની આવશ્યકતાઓ જણાય તો દરેક જગ્યા માટે અલગથી અરજી કરવાની રહેશે.
૭. ઉમેદવારે દરેક કેટેગરી અંતર્ગત અલગ-અલગ અરજી નિયત સમય મર્યાદામાં અને ઓનલાઇન કરવાની રહેશે તથા દરેક જગ્યા માટે અલગથી ફી ભરવાની રહેશે.
૮. ફક્ત ભારતીય નાગરિકત્વ ધરાવતા ઉમેદવારો જ અરજી કરી શકશે. ઉમેદવાર ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાનું જ્ઞાન ધરાવતા હોવા જોઇએ.
૯. અરજી માટે ભરેલ પ્રોસેસિંગ ફી રીફંડ મળવાપાત્ર રહેશે નહી.
૧૦. જાહેરાતમાં દર્શાવેલ નિયત શૈક્ષણિક લાયકાત, વય મર્યાદા, જાતિ અંગેનું પ્રમાણપત્ર, નોન ક્રિમીલેયર સર્ટી, દિવ્યાંગતા સર્ટીફિકેટ તથા અન્ય જરૂરી લાયકાત Online અરજી કરવાની છેલ્લી તારીખની સ્થિતિએ ધ્યાનમાં લેવામાં આવશે.
૧૧. ઉમેદવારે સક્ષમ અધિકારી દ્વારા જણાવવામાં આવે ત્યારે સરકાર માન્ય બોર્ડ/યુનિવર્સિટી/સંસ્થાના ગુણપત્રક અને જરૂરી પ્રમાણપત્રોની અસલ અને સ્વપ્રમાણિત નકલો રજૂ કરવાની રહેશે.
૧૨. પસંદગી પામનાર ઉમેદવારે ગુજરાત સરકારશ્રીના વખતો-વખતના CCC/CCC+ (Course on Computer Concepts)ની પરીક્ષા અંગે જે નિયમો નિયત કરેલ છે તે મુજબ CCC/CCC+ની પરીક્ષા સરકાર માન્ય પરીક્ષા કેન્દ્રો પરથી અજમાયશી સમયગાળા દરમ્યાન પાસ કરવાની રહેશે.
૧૩. સીધી ભરતીથી નિમણૂંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂંક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/૦૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક : નપન/૨૦૦૩/જીઓઆઇ/૧૦/(પા.ફા.)ની જોગવાઇ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૦૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજના લાગુ પડશે.
૧૪. સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી ભરતી પ્રક્રિયા અંગેની કોઇપણ પ્રકારની આરટીઆઇ એક્ટ હેઠળની માહિતી માંગતી કોઇપણ અરજી ધ્યાને લેવામાં આવશે નહીં.
૧૫. રાજ્ય સરકાર/યુનિવર્સિટી દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતા નિયમો અરજદારોને લાગુ પડશે.
૧૬. પસંદગી પામેલ ઉમેદવારને યુનિવર્સિટી જે કોઇ વધારાની જવાબદારી કોઇપણ વિભાગમાં સોંપશે તે નિભાવવાની રહેશે.
૧૭. ઉમેદવારના નામમાં, અટકમાં જો કોઇ તફાવત હોય તો (લગ્ન નોંધણી પ્રમાણપત્ર અથવા લાગુ પડતુ અન્ય) તે અંગેના જરૂરી દસ્તાવેજી પુરાવા અરજી સાથે અચૂક બીડવાના રહેશે.
૧૮. ઉમેદવાર પોતે મેરીટ યાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સબંધિત જગ્યા ઉપર નિમણૂંક મેળવવાનો દાવો કરવાને હક્કદાર થશે નહી. નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારૂ તે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતીના (સામાન્ય) નિયમો-૧૯૬૭થી ઠરાવેલ નિયમો અનુસાર યોગ્ય જણાતો નથી. તો જે તે તબક્કે આવા ઉમેદવારને તેની નિમણૂંક રદ્દ કરી પડતો મુકી શકાશે. નિમણૂંક બાબતે યુનિવર્સિટીનો નિર્ણય આખરી ગણાશે.
૧૯. ઉમેદવારોએ યુનિવર્સિટી તરફથી લેખિત/ઓનલાઇન પરીક્ષા/રૂબરૂ મુલાકાતનું આયોજન કરવામાં આવે ત્યારે સ્વખર્ચે હાજર થવાનું રહેશે.
૨૦. ઉપરોક્ત તમામ જગ્યાઓ રાજ્ય સરકારશ્રી/યુનિવર્સિટીના પ્રવર્તમાન ધારા ધોરણો અને વખતો વખતની સુચનાઓ તેમજ નિયમોનુસાર ભરવાપાત્ર રહેશે.
૨૧. લેખિત/ઓનલાઇન સ્પર્ધાત્મક પરીક્ષા સંદર્ભની તેમજ ત્યારબાદની તમામ સુચનાઓ ઉમેદવારના અરજી પત્રકમાં દર્શાવેલ મોબાઇલ નંબર/ઇ-મેઇલ પર આપવામાં આવશે. આથી, અરજીપત્રકમાં સંબધિત કોલમમાં ઉમેદવારે મોબાઇલ નંબર/ઇ-મેઇલ અવશ્ય દર્શાવવો અને પ્રક્રિયા પૂર્ણ થયા સુધી નંબર/ઇ-મેઇલ જાળવી રાખવો અનિવાર્ય છે. મોબાઇલ નંબર બદલવા અથવા બંધ થઇ જવાના કારણે ઉમેદવારને SMSથી સૂચના ના મળે તો તેની જવાબદારી ઉમેદવારની રહેશે.
૨૨. જાહેરાત, ભરવાની થતી કેટેગરીવાઇઝ જગ્યાઓ કે ભરતી પ્રક્રિયામાં કોઇપણ કારણોસર તેમાં ફેરફાર કે રદ કરવાની આવશ્યકતા જણાય તેવા સંજોગોમાં આ અંગેનો યુનિવર્સિટીને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે.

૨૩. ન્યાયિક કાર્યવાહી માટે ન્યાયક્ષેત્ર આણંદ પુરતુ મર્યાદીત રહેશે.

૨૪. ઉમેદવાર અરજીપત્રકમાં જે ફોટો upload કરે છે તેના પાસપોર્ટ સાઇઝના ફોટાની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને આ જાહેરાત સંવર્ગની સમગ્ર ભરતી પ્રક્રિયામાં તે જ ફોટાની કોપીનો ઉપયોગ કરવાનો રહેશે (જેમ કે પરીક્ષા સમયે હાજરી પત્રકમાં લગાવવો તેમજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે પણ તે જ ફોટાની કોપી રજુ કરવાની રહેશે.) ઉમેદવારે આવો ફોટો તાજેતરમાંજ પડાવેલો હોવો જરૂરી છે, જેથી ભરતી/નિમણૂંકના વિવિધ તબક્કે ઓળખ પ્રસ્થાપિત કરવામાં કોઇ મુશ્કેલી ન અનુભવાય.

## (B) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતી, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે નબળા વર્ગો :

૧. અનામત જગ્યાઓ ફક્ત મૂળ ગુજરાતના જે તે અનામત કેટેગરીના ઉમેદવારો માટે જ અનામત છે.

૨. અનામત વર્ગના તમામ ઉમેદવારોએ જાતિ અંગેનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતો વખત નિયત કરેલા નમૂના પ્રમાણે અરજી સાથે બીડવાનું રહેશે.

૩. સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ ઉન્નત વર્ગમાં ન થતો હોય તો જ મળવાપાત્ર રહેશે.

૪. સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું નિયત નમુનાનું સરકારશ્રીના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૭/૦૪/૨૦૧૦ના ઠરાવ ક્રમાંક સશપ-૧૧૦૯-૧૬૬૩-અથી નિયત થયેલ પરિશિષ્ટ-૪ (ગુજરાતીમાં) તથા તા.૨૬-૦૪-૨૦૧૬નાં ઠરાવ ક્રમાંક સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ તેમજ તા.૧૮-૦૮-૨૦૧૭ના ઠરાવ ક્રમાંક સશપ/૧૨૨૦૧૭/૧૨૪૩૮૨/અ ની જોગવાઇ મુજબ અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે (અંગ્રેજીમાં કઢાવેલ નોન-ક્રિમીલેયર સર્ટિફિકિટ જે કેન્દ્ર સરકારની નોકરી માટેનું હોય માન્ય ગણવામાં આવશે નહી.) પરીક્ષા બાદ, પ્રમાણપત્રોની ચકાસણી સમયે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ આવું પ્રમાણપત્ર રજૂ ન કરી શકતાં ઉમેદવારોની ઉમેદવારી રદ થશે.

૫. સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ૨૬/૦૪/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ મુજબ ''ઉન્નત વર્ગમાં સમાવેશ નહી થવા અંગેના પ્રમાણપત્ર''ની મહત્તમ અવધિ (Validity) ત્રણ નાણાંકીય વર્ષ મુજબ Online અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં માન્ય રાખવામાં આવશે અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહીં.

૬. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરિણીત મહિલા ઉમેદવારે નોન-ક્રિમીલેયર પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજૂ કરવાનુ રહેશે. જો આવા ઉમેદવાર તેમના પતિની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર રજૂ કરેલ હશે તો તેમની ઉમેદવારી રદ્દ કરવામાં આવશે.

૭. ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ કેટેગરી (જાતિ), અરજી જમા કરાવ્યા બાદ કોઇપણ સંજોગોમાં કેટેગરી બદલવાની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી. અરજીમાં ઉમેદવારે દર્શાવેલ કેટેગરી અને ઉમેદવારની ખરેખર કેટેગરીમાં તફાવત માલુમ પડશે તો તેવી અરજી રદ્દ થશે.

૮. જે ઉમેદવારોએ અરજી પત્રકમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહી હોય તો તેઓને અનામત વર્ગના ઉમેદવાર તરિકે લાભ મેળવવાનો હક્ક/દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

૯. અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેમને બિનઅનામતના ધારા ધોરણો લાગુ પડશે.

૧૦. જે સંવર્ગની જગ્યાઓમાં <u>EWS</u> કેટેગરી (આર્થિક રીતે નબળા વર્ગ)ના ઉમેદવારો માટે અનામત છે તેવા <u>EWS</u> કેટેગરી (આર્થિક રીતે નબળા વર્ગ)ના ઉમેદવારોએ રાજય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તારીખ : ૨૫/૦૧/૨૦૧૯ ઠરાવ ક્રમાંક : ઇ.ડબલ્યુ.એસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલા નમૂના (અંગ્રેજીમાં એનેક્ષ્ચર અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ) માં મેળવેલી આર્થિક રીતે નબળા વર્ગો માટેના પ્રમાણપત્રનો નંબર અને તારીખ ઓનલાઇન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૧૩/૦૯/૨૦૧૯ના ઠરાવ

ક્રમાંક : ઇ.ડબલ્યુ.એસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ ની જોગવાઇ મુજબ આર્થિક રીતે નબળા વર્ગો માટેનાં પાત્રતા પ્રમાણપત્રો ઇશ્યુ થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે. ઉમેદવાર આર્થિક રીતે નબળા વર્ગ તરીકેનું પાત્રતા પ્રમાણપત્ર, ઓનલાઇન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ સુધીમાં મેળવેલું હોય તેવું પ્રમાણપત્ર ધરાવતા હશે અથવા અરજી કરવાના છેલ્લી તારીખ સુધીમાં ભારત સરકાર હેઠળના અનામતના લાભ માટે મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર ધરાવતા હશે તો જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ તેમજ કેટેગરીની અનામત જગ્યાનો લાભ મળશે, અન્યથા તેઓ બિનઅનામત કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે અને તે કિસ્સામાં વયમર્યાદા, પરીક્ષા ફી અંગે તેમજ અનામત જગ્યા પર પસંદગીનો લાભ મળવાપાત્ર થશે નહીં.

**(C) ફી:**

૧. જનરલ કેટેગરીના ઉમેદવારોએ પ્રોસેસિંગ ફી રૂા.૧૦૦૦/- તથા અન્ય કેટેગરીના તમામ ઉમેદવારોએ પ્રોસેસિંગ ફી રૂા.૪૫૦/- Online Payment સિસ્ટમથી જ ભરવાની રહેશે. અન્ય કોઇ રીતે ફી સ્વીકારવામાં આવશે નહીં.

૨. ફી ભર્યા બાદ, કોઇ પણ સંજોગોમાં ફી પરત મળવાપાત્ર રહેશે નહીં તેમજ ઉમેદવારોની ફી ભર્યા વગરની અરજી માન્ય રહેશે નહીં.

૩. ઉમેદવારે Online Successful Payment થયાના આધારની રીસીપ્ટ પોતાની પાસે સાચવીને રાખવાની રહેશે.

૪. જો ઉમેદવાર અનામત કેટેગરી મુજબની ફી ભરેલ હશે અને તેઓના અનામત અંગેના દસ્તાવેજી પુરાવા અયોગ્ય જણાવશે તો સદર ઉમેદવારનું અરજપત્રક રદ થવા પાત્ર રહેશે.

**(D) વયમર્યાદા :**

૧. જાહેરાતની ઓનલાઇન અરજીઓ સબમીટ કરવાની અંતિમ તારીખના રોજ ઉમેદવારની ઉંમર ૨૧ વર્ષથી ઓછી નહિ અને ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઇએ.

૨. અનામત વર્ગોના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વયમર્યાદામાં છૂટછાટ મળશે નહીં.

૩. ઉમેદવારની ઉંમર મૂળ જાહેરાતની ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખના રોજની ગણવામાં આવશે.

૪. સામાન્ય વર્ગની મહિલા ઉમેદવારો, અનામત વર્ગના પુરૂષ તથા મહિલા ઉમેદવારો તેમજ માજી સૈનિક ઉમેદવારોને નીચે મુજબ નિયમોનુસાર છૂટછાટ મળવાપાત્ર છે.

| | કેટેગરી | છૂટછાટ | મહત્તમ વયમર્યાદામાં |
|---|---|---|---|
| ૧) | સામાન્ય કેટેગરીના મહિલા ઉમેદવારો | ૫ વર્ષ | (મહત્તમ ૪૦ વર્ષની મર્યાદામાં) |
| ૨) | અનામત કેટેગરીના પુરૂષ ઉમેદવારો | ૫ વર્ષ | (મહત્તમ ૪૦ વર્ષની મર્યાદામાં) |
| ૩) | અનામત કેટેગરીના મહિલા ઉમેદવારોને (૫+૫=૧૦) | ૧૦ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૪) | સામાન્ય કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા પુરૂષ ઉમેદવારો | ૧૦ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૫) | સામાન્ય કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા મહિલા ઉમેદવારોને (૧૦+૫=૧૫) | ૧૫ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૬) | અનામત કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા પુરૂષ ઉમેદવારો (૫+૧૦=૧૫) | ૧૫ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૭) | અનામત કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા મહિલા ઉમેદવારોને (૫+૧૦+૫=૨૦) | ૨૦ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં) |

| | | |
|---|---|---|
| ૮) | માજી સૈનિક ઉમેદવારો | ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છુટછાટ |

## (E) શૈક્ષણિક લાયકાતઃ

૧. જાહેરાતમાં માગ્યા મુજબની જરૂરી શૈક્ષણિક લાયકાતની સંપૂર્ણ વિગતો ઉમેદવારે અરજીપત્રકમાં અવશ્ય દર્શાવવી.

૨. ઉમેદવારે નિયત શૈક્ષણિક લાયકાત ભારતની સંસદ કે રાજ્ય વિધાનસભાના કાયદા હેઠળ સ્થાપિત કોઇપણ યુનિવર્સિટી કે સંસદના એક્ટ દ્વારા સ્થાપિત શૈક્ષણિક સંસ્થા અથવા યુ.જી.સી. એક્ટ ૧૯૫૬ના સેકશન-૩ હેઠળ યુનિવર્સિટી તરીકે પ્રસ્થાપિત થયેલ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ હોવી જોઇએ.

૩. શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારનો હક્ક-દાવો સ્વીકારવામાં આવશે નહીં.

૪. પસંદ કરેલ ઉમેદવારોની નિમણૂક લેખિત કરાર તથા ધી ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ એક્ટ, ૨૦૨૩ અને ધી ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ યુનિફોર્મ સ્ટેચ્યુટસ-૨૦૨૪ના કાયદાઓ હેઠળ કરવામાં આવશે.

૫. પસંદ કરેલ ઉમેદવારોએ યુનિવર્સિટી તેમજ રાજ્ય સરકારના વખતોવખતના નિયમો the Act/ Statutes/Ordinance/Regulationsને આધિન વર્તવાનું રહેશે. સમયાંતરે થતાં સુધારા અને યુનિવર્સિટી દ્વારા કર્મચારીઓના વર્તનને જાળવવા માટે ખાસ નિર્ધારિત કોઇપણ નિયમો /ઠરાવ કરવામાં આવશે તે પસંદ થયેલ ઉમેદવારને માન્ય રાખવાનો રહેશે.

૬. યુનિવર્સિટીએ માર્કશીટમાં ટકાવારી દર્શાવેલ ન હોય તો ઉમેદવારે ટકાવારી ગણવા માટેની ફોર્મ્યુલા/ આધાર જરૂર પડેથી રજૂ કરવાની રહેશે. સદર નિયમો સક્ષમ સત્તા દ્વારા પ્રમાણિત હોવા જરૂરી છે.

૭. ઉમેદવાર ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે.

૮. ઉમેદવાર ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાનું જ્ઞાન ધરાવતા હોવા જોઇએ.

## (F) અનુભવઃ

૧. જાહેરાતમાં માગ્યા મુજબનો અનુભવ ધરાવનાર ઉમેદવારે તે અંગેની સંપૂર્ણ વિગતો અરજીપત્રકમાં અવશ્ય દર્શાવવી.

૨. માંગવામાં આવેલ અનુભવ ઓનલાઇન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ સુધીનો ગણવામાં આવશે.

૩. જાહેરાતમાં અનુભવ માગવામાં આવ્યો ના હોય તો પણ ઉમેદવારે અનુભવ ધરાવતા હોય તો તે અંગેની વિગતો અરજીપત્રકમાં દર્શાવવી.

૪. અનુભવ તરીકે પગાર ધોરણ પણ દર્શાવેલ હોય તો અનુભવ અંગેના પ્રમાણપત્રમાં પગારધોરણને લગતી બાબતો તથા તે અંગેના જરૂરી આધારો જ્યારે મંગાવવામાં આવે ત્યારે રજુ કરવાના રહેશે.

૫. ઉમેદવારે માંગેલ અનુભવ તથા અનુભવનો સમયગાળો સ્પષ્ટ રીતે દર્શાવતુ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. જો ઉમેદવારનો અનુભવ દસ્તાવેજોને આધારે સ્પષ્ટરૂપે ફલિત નહી થતો હોય તો તેઓની ઉમેદવારી રદ થવા પાત્ર થશે. આ સંજોગોમાં પુરાવા રજુ કરવા માટે બીજી તકે વધુ સમયગાળો આપવામાં આવશે નહી.

## (G) અભ્યાસક્રમ, પરીક્ષાનું માળખુ, પરીક્ષા પધ્ધતિ અને પસંદગી પ્રક્રિયાઃ

**પરીક્ષા :**

ઓનલાઇન અરજીપત્રકમાં ભરેલી વિગતોની કોઈપણ પ્રકારની ચકાસણી કર્યા વગર યુનિવર્સિટી દ્વારા ઉમેદવારોને આ જગ્યા માટેની નિયત સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા માટે કામચલાઉ દાખલ (પ્રોવીઝનલ એડમીશન) કરી સ્પર્ધાત્મક પરીક્ષા આપવા દેવામાં આવશે, જે પરીક્ષા બાદ પ્રોવીઝનલ રીઝલ્ટ જાહેર થયા બાદ પ્રોવીઝનલ મેરીટ લીસ્ટમાં સમાવિષ્ટ ઉમેદવારોના પ્રમાણપત્ર ચકાસણીને આધીન રહેશે.

જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓની પરીક્ષાનું માળખું, પરીક્ષા પધ્ધતિ અને પસંદગી પ્રક્રિયા નીચે મુજબ રહેશે.

## (a) પરીક્ષાનું માળખું :

Multiple Choice Question (MCQs) **આધારિત પરીક્ષા (૧૦૦ પ્રશ્નો) (સમય: ૬૦ મિનિટ)**

| નં. | વિષય | ગુણ |
|---|---|---|
| ૧. | સામાન્ય જ્ઞાન : ગુજરાતનો ઈતિહાસ અને સાંસ્કૃતિક વારસો, ભારતનું બંધારણ, રમતગમત, સામાન્ય વિજ્ઞાન, ભારત અને ગુજરાતના વર્તમાન પ્રવાહો, પર્યાવરણ, જાહેર વહીવટ, સરકારી યોજનાઓ, પંચાયતી રાજ અને ડીઝાસ્ટર મેનેજમેન્ટ | ૧૦ |
| ૨. | ગુજરાતી અને અંગ્રેજી ભાષા | ૧૦ |
| ૩. | ગાણિતિક અને તાર્કિક કસોટીઓ | ૧૦ |
| ૪. | કોમ્પ્યુટર ફન્ડામેન્ટલ્સ, એમ.એસ. ઓફિસ, ઇન્ટરનેટ | ૧૦ |
| ૫. | જગ્યાની તાંત્રિક શૈક્ષણિક લાયકાત સંબંધિત અભ્યાસક્રમને લગતા MCQ પ્રશ્નો | ૬૦ |
| | કુલ ગુણ | ૧૦૦ |

## (b) પરીક્ષા પધ્ધતિ :

| | |
|---|---|
| ૧. | પરીક્ષાનું માધ્યમ ગુજરાતીમાં રહેશે. |
| ૨. | પરીક્ષા Multiple Choice Question (MCQ) પ્રકારની રહેશે અને દરેક પ્રશ્નનો ૦૧ (એક) ગુણ રહેશે. કુલ ગુણ ૧૦૦ અને સમય : ૬૦ મિનિટ |
| ૩. | Multiple Choice Question (MCQ) પધ્ધતિની પરીક્ષામાં નેગેટીવ માર્કિંગ નીચે મુજબ લાગુ પડશે.<br>• પ્રત્યેક ખોટા જવાબ દીઠ (-૦.૨૫) (માઇનસ ઝીરો પોઇન્ટ પચ્ચીસ) ગુણ કાપવામાં આવશે.<br>• એક કરતા વધુ વિકલ્પો દર્શાવેલ હોય કે છેકછાક કરેલ હોય તેવા પ્રત્યેક જવાબદીઠ (-૦.૨૫) (માઇનસ ઝીરો પોઇન્ટ પચ્ચીસ) ગુણ કાપવામાં આવશે.<br>• દરેક પ્રશ્નના જવાબોમાં એક વિકલ્પ "E" "Not Attempted" રહેશે. ઉમેદવાર કોઈ પ્રશ્નનો જવાબ આપવા ઈચ્છતા ના હોય તો, "E" વિકલ્પ પસંદ કરી શકશે અને "Not Attempted" વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કીંગ લાગુ પડશે નહિ.<br>• પ્રશ્નના આપેલ બધા વિકલ્પોમાંથી કોઈપણ વિકલ્પ પસંદ નહી કરવામા આવે તો મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ પ્રશ્નદીઠ કમી (નેગેટીવ માર્કીંગ) કરવામાં આવશે.<br>આમ, ઉમેદવારે સાચા જવાબ દ્વારા મેળવેલ કુલ ગુણમાંથી, ઉપર દર્શાવેલ મુજબ થતા કુલ ગુણ બાદ કરવાથી મળતા ગુણ, આખરી અને માન્ય ગુણ ગણાવામાં આવશે. |

## (c) પસંદગી પ્રક્રિયા :

| | |
|---|---|
| ૧. | Multiple Choice Question (MCQ) પરીક્ષાના આધારે ૧૦૦ ગુણમાંથી મેળવેલ ગુણને આધારે પ્રોવિઝનલ મેરીટ લીસ્ટ તૈયાર કરવામાં આવશે. |
| ૨. | કેટેગરી પ્રમાણે જે તે ભરવાની થતી જગ્યા માટે, ૧૦૦ ગુણમાંથી મેળવેલ ગુણને આધારે પ્રોવિઝનલ મેરીટમાં અગ્રતાક્રમે આવતા ઉમેદવારોને અસલ પ્રમાણપત્રની ચકાસણી માટે જે તે જગ્યાના મહત્તમ ત્રણ ગણા ઉમેદવારો પ્રોવિઝનલ મેરીટ લીસ્ટમાંથી બોલાવવામાં આવશે.<br>નોંધ : ઉપરોક્ત ઉમેદવારોના પ્રમાણપત્રોની ચકાસણી બાદ, જાહેરાત મુજબ ઉમેદવારો ન મળવાના સંજોગોમાં, જરૂર મુજબના પ્રોવિઝનલ મેરીટયાદી પરના ઉમેદવારોને પ્રમાણપત્રોની ચકાસણી માટે ક્રમશઃ બોલાવવામાં આવશે. |
| ૩. | "પ્રોવિઝનલ મેરીટ લીસ્ટ"માં સ્થાન પામેલ ઉમેદવારોને જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અને/અથવા અનુભવ ઉમેદવાર ધરાવે છે કે નહિ તે તપાસવા તેઓને "અસલ પ્રમાણપત્ર ચકાસણી" માટે ઉપસ્થિત રહેવા માત્ર ઈ-મેઈલ દ્વારા જણાવવામાં આવશે અને પ્રમાણપત્રોની ચકાસણીના અંતે, પ્રમાણપત્રોની ચકાસણીમાં ગેરહાજર રહેલ, જરૂરી આધાર પુરાવા રજુ કરવામાં નિષ્ફળ રહેલ તેમજ જાહેરાત મુજબ નિયત લાયકાત/અનુભવ ધરાવતા ન હોય તેવા તમામ ઉમેદવારોને ગેરલાયક (Disqualified) ઠરાવવામાં આવશે. |

| | |
|---|---|
| | પ્રમાણપત્રોની ચકાસણી માટે જે તારીખ અને સમય યુનિવર્સિટી દ્વારા નક્કી કરવામાં આવે તે તારીખ અને સમયે ઉમેદવારે અચુક હાજર રહેવાનું રહેશે |
| ૪. | કુલ ગુણ ૧૦૦ માંથી મેળવેલ ગુણ અને શૈક્ષણિક અને/અથવા અનુભવની ચકાસણી બાદ લાયક ઠરેલ ઉમેદવારોને આધારે, કેટેગરી પ્રમાણે, આખરી પસંદગી યાદી/યાદીઓ તૈયાર કરવામાં આવશે. |
| ૫. | આખરી પસંદગી યાદી માટે તૈયાર થયેલ કુલ મેરીટ એકસરખુ થાય ત્યારે નીચેની વિગતો ધ્યાને લઇ યોગ્ય કરવામાં આવશે.<br>(i) જો એક કરતા વધારે ઉમેદવારોના કુલ મેરીટ એક સરખું આવેલ હોય તેવા ઉમેદવારો માટે લેખિત MCQ પરીક્ષામાં જે ઉમેદવારે પ્રશ્નોના સાચા ઉત્તર વધુ આપેલ હશે તેને ધ્યાને લઈ તે મુજબ મેરીટ ક્રમ નક્કી કરવામાં આવશે.<br>(ii) ઉક્ત (i) મુજબ જો MCQ પરીક્ષામાં પ્રશ્નોના સાચા ઉત્તરો એકસરખા થાય ત્યારે સ્નાતક કક્ષામાં મેળવેલા ટકા ધ્યાને લઈ તે મુજબ મેરીટ નક્કી કરવામાં આવશે. જરૂર પડે ૧૦ દિવસની સમય મર્યાદામાં ઉમેદવારે ટકાવારી બાબતના જરૂરી આધાર પુરાવા રજૂ કરવાના રહેશે.<br>(iii) ઉક્ત (ii) મુજબ ટકાવારી સરખી થાય ત્યારે તેવા કિસ્સામાં જન્મ તારીખ (વધુ ઉંમરના ઉમેદવારને પ્રાધાન્ય) ધ્યાને રાખી તે મુજબ મેરીટ ક્રમ નક્કી કરવામાં આવશે. |
| ૬. | પ્રોવીઝનલ મેરીટ યાદી/પ્રમાણપત્રોની ચકાસણીમાં માટે અરજદારને બોલાવવા માત્રથી ઉમેદવાર સંબંધિત જગ્યા ઉપર નિમણુંક મેળવવાનો દાવો કરવાને હક્કદાર થશે નહિ. તેમજ નિમણુંક બાબતે યુનિવર્સિટી સત્તામંડળનો નિર્ણય આખરી ગણાશે. |
| ૭. | પ્રમાણપત્રોની ચકાસણી માટે ઉમેદવારે ઓનલાઇન ભરેલ અરજીપત્રક, શૈક્ષણિક લાયકાત અને અનુભવના તમામ અસલ પ્રમાણપત્રો અને તેની એક સ્વપ્રમાણિત કરેલ નકલ સાથે લાવવાની રહેશે. |
| ૮. | કેટેગરી પ્રમાણેની આખરી પસંદગી યાદી તૈયાર થયા પછી, નિમણુક મેળવવાને પાત્ર ઉમેદવાર/ ઉમેદવારોને સત્તા મંડળની મંજૂરી મળ્યે, નિમણુકપત્ર નિયત શરતોને આધિન, કરાર કરીને આપવામાં આવશે. |
| ૯. | ઉમેદવારે પરીક્ષા અને પ્રમાણપત્રોની ચકાસણી દરમિયાન પોતાની ઓળખ પ્રસ્થાપિત કરવા માટે સરકાર માન્ય પોતાનું અસલ ફોટો આઇ.ડી. કાર્ડ સાથે લાવવાનું રહેશે. |

## (H) યુનિવર્સિટી જે કોઇ ઉમેદવારને નીચે મુજબની બાબતોમાં કે અન્ય બાબતોમાં દોષિત ઠેરવશે તો તેની ઉમેદવારી રદ્દ કરવામાં આવશે.

૧. ઉમેદવારી માટે કોઇપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે યુનિવર્સિટીના કોઇ અધિકારી/કર્મચારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે.

૨. બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડાં કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે.

૩. ખોટી અથવા મહત્ત્વની માહિતી છુપાવતા હોય તેમની અરજીઓ રદ કરવામાં આવશે.

૪. પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનનો આશ્રય લેવા માટે.

૫. પરીક્ષા દરમ્યાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઇડ, કાપલી કે તેવા કોઇ પણ છાપેલા કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઇ પણ ગેરરીતિ આચરવા માટે

૬. લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બિભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખાણ માટે.

૭. OMR/ઉત્તરવહીમાં પોતાની ઓળખસૂચક કોઈપણ પ્રકારની નિશાની, લખાણ, આલ્ફાબેટ, ચિહ્ન કે જેનાથી ઓળખ પ્રસ્થાપિત થતી હોય તેવા પ્રયાસ કરવા.

૮. પરીક્ષાખંડમાં અન્ય કોઇ રીતે ગેરવર્તણૂંક કરવા માટે

૯. પરીક્ષાના સંચાલન કરવા માટે યુનિવર્સિટીમાં રોકેલા કર્મચારીઓ સાથે સીધી કે આડકતરી રીતે કનડગત કરવા અથવા શારીરિક રીતે ઇજા કરવા માટે.

SARDAR PATEL UNIVERSITY

૧૦. પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા કોઈ પણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા આવા પ્રસંગે મદદગારી કરવા માટે, અથવા પરીક્ષા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઈ પણ સૂચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનુ જાહેર કર્યુ હોય તો તે ફોજદારી કાર્યવાહી પાત્ર થવા ઉપરાંત (ક) યુનિવર્સિટી, જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે. અથવા (ખ) યુનિવર્સિટી સીધી પસંદગી માટે લેવાની કોઈ પણ પરીક્ષામાં બેસવામાંથી અથવા કોઈ પણ રૂબરૂ મુલાકાતમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ માટે ગેરલાયક/બાબત કરી શકાશે.

**(I) નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ્દ કરવામાં આવશે.**

(આ યાદી માત્ર ઉદાહરણરૂપ છે. જે સંપૂર્ણ નથી.)

૧. ઓનલાઈન અરજી કરેલ ન હોય.
૨. અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય.
૩. અરજીમાં ઉમેદવારની સહી કે પાસપોર્ટ સાઈઝનો ફોટો ન હોય.
૪. અરજી ફેક્સથી, ઈ-મેઈલથી મોકલાવેલ હોય.
૫. ઉમેદવારે પૂરેપૂરી ફી ન ભરેલ હોય.
૬. ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી/અર્ધ સરકારી/સરકાર હસ્તકની સંસ્થાઓ/યુનિવર્સિટી દ્વારા ઉમેદવારને ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય અને ગેરલાયકાતનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી આપોઆપ રદ્દ થવાને પાત્ર બનશે.
૭. ગુજરાત સરકાર દ્વારા જાહેર પરીક્ષામાં થતી ગેરરીતિ તથા પ્રશ્નપત્રો લીક થવા બાબતનો Gujarat Public Examination (prevention of Unfair Means) Act, 2023અધિનિયમ, ૨૦૨૩ થી અમલી કર્યો છે. સરકાર દ્વારા ઉક્ત અધિનિયમમાં "Examination Authority" તરીકે સ્ટેટ ફંડેડ યુનિવર્સિટીઓનો સમાવેશ કર્યો છે. આથી, યુનિવર્સિટી દ્વારા આયોજિત તમામ સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાઓને જાહેર પરીક્ષાઓ તરીકે ગણવાની થતી હોવાથી, સદર અધિનિયમ યુનિવર્સિટીની પરીક્ષાઓમાં પણ લાગુ પડે છે. આથી, ઉક્ત તમામ જાહેરાતોની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષામાં જો કોઈપણ ઉમેદવાર Gujarat Public Examination (prevention of Unfair Means) Act, 2023ની જોગવાઈઓનો ભંગ કરતો જણાઈ આવશે અને તેમાં કસૂરવાર સાબિત થશે તો તેની સામે સદર અધિનિયમમાં દર્શાવ્યા મુજબ, કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**(J) ગેરવર્તણૂંકઃ**

ઉમેદવારોને આથી ચેતવણી આપવામાં આવે છે કે, તેઓએ અરજીપત્રકમાં કોઈ પણ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહીં. તેમજ આવશ્યક માહિતી છુપાવવી નહી. ઉપરાંત તેઓએ રજૂ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલમાં કોઈ પણ સંજોગોમાં સુધારો કે ફેરફાર અથવા બીજા કોઈ પણ ચેડા કરવા નહીં અથવા તેઓએ આવાં ચેડાં કરેલ/બનાવટી દસ્તાવેજો રજૂ કરવા નહીં. જો એક પણ બાબતના દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણિત નકલોમાં કોઈ પણ પ્રકારની અચોકસાઈ અથવા વિસંગતતાઓ જણાય તો તેની સ્પષ્ટતા રજૂ કરવી. જો કોઈ પણ ઉમેદવાર યુનિવર્સિટી દ્વારા દોષિત જાહેર થયેલ હોય અથવા થાય તો યુનિવર્સિટીના નિયમો અથવા તો ગુજરાત સરકારશ્રીના નિયમો અનુસાર કાયદેસરની કાર્યવાહી કરવાને પાત્ર બનશે.

નં.બી/એસ/૨/૭૪૭૮
વલ્લભ વિદ્યાનગર
તારીખ : ૨૬/૧૨/૨૦૨૫

SARDAR PATEL UNIVERSITY

ડૉ.ભાઈલાલભાઈ પી. પટેલ
કુલસચિવ
કુલસચિવ
સરદાર પટેલ યુનિવર્સિટી
વલ્લભ વિદ્યાનગર

**નકલ સવિનય રવાના:**

(૧) અગ્રસચિવશ્રી, શિક્ષણ વિભાગ, બ્લોક નં.૫, ૭મો માળ, નવા સચિવાલય, ગાંધીનગર

(૨) અધિક કમિશ્નર, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,બ્લોક નં.૧૨,જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૩) વડાશ્રી,અનુસ્નાતક વિભાગો તથા આચાર્ય,એમ.બી. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન,સરદાર પટેલ યુનિવર્સિટી,વલ્લભ વિદ્યાનગર

(૪) ડાયરેક્ટરશ્રી,જી.એચ.પટેલ કોમ્પ્યુટર સેન્ટર,સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર(યુનિ. વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા)

(૫) એમ્પ્લોયમેન્ટ અધિકારી, જિલ્લા એમ્પ્લોયમેન્ટ એક્ષચેન્જ, આણંદ

(૬) ડેપ્યુટી ચીફ, યુનિવર્સિટી એમ્પ્લોયમેન્ટ માહિતી અને ગાઇડન્સ બ્યુરો, વલ્લભ વિદ્યાનગર

(૭) આચાર્યશ્રી, સંલગ્ન કૉલેજો

(૮) વડાશ્રી, યુનિવર્સિટી કાર્યાલયના વિભાગો, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર

*********************

# Sardar Patel University
# Vallabhvidyanagar

Annexure: 01

**Name of post: Workshop Mechanic, Mechanical Attendant and Technician C**

| Unit No. | Content |
|---|---|
| 1 | **Mechanical Engineering & Workshop Practice**<br>• Fundamentals of mechanics: force, torque, power, stress & strain.<br>• Engineering materials: properties, selection, heat treatment.<br>• Machine elements: shafts, keys, couplings, bearings, gears.<br>• Workshop operations: fitting, welding, machining, drilling, grinding, cutting.<br>• Repair & servicing of mechanical parts (bearings, gearboxes, pumps). |
| 2 | **Electrical Engineering Fundamentals**<br>• Basic electrical concepts: current, voltage, resistance, power & energy.<br>• Ohm's law, series & parallel circuits.<br>• Single-phase & three-phase systems, power factor, earthing.<br>• Electrical machines: motors, transformers, generators (basic working & applications).<br>• Measuring instruments: multimeter, megger, clamp meter.<br>• Repairing of electrical faults: short circuit, insulation failure, overloading, motor winding issues. |
| 3 | **Refrigeration & Air Conditioning Systems**<br>• Vapour compression refrigeration cycle.<br>• Refrigerants: types, properties, environmental concerns.<br>• Components: compressor, condenser, evaporator, expansion device.<br>• Preventive maintenance & troubleshooting of RAC systems.<br>• Basic thermodynamics & heat transfer.<br>• Repair & troubleshooting of RAC systems (compressor faults, refrigerant leakage, condenser/evaporator issues). |
| 4 | **Applied Workshop Skills**<br>• Hand tools & power tools: correct use and care.<br>• Metrology & measuring instruments: calipers, micrometer, vernier, gauges, dial indicators.<br>• Reading engineering drawings & electrical circuit diagrams.<br>• Hydraulics & pneumatics (basic principles & applications). |
| 5 | **Maintenance, Repairing & Safety**<br>• Preventive, predictive & breakdown maintenance.<br>• Common failures in workshop machinery & troubleshooting.<br>• Documentation & record keeping in maintenance.<br>• Lubrication methods.<br>• Fault diagnosis & step-by-step repair methodology for workshop equipment.<br>• Energy efficiency & sustainable practices in workshop.<br>• Safety practices in workshop.<br>• Electrical safety standards. |

Syllabus prepared by:

SARDAR PATEL UNIVERSITY

Annexure: 02

**Syllabus EMPLOYMENT NOTIFICATION No.B-S-2-7478 Adv. No. EST-37 2025 Date 26-12-2025**

**Sardar Patel University**
**Vallabh Vidyanagar**

**Post Name: Wireman**

| Unit | Topics |
|---|---|
| 1 | **Principle of electricity:-** Electric pressure, current and resistance, Ohms law, Specific resistance. Law of resistance and their application for calculating voltage drop Series and parallel circuits, Practical unit of voltage, current, resistance, power and energy. Relation between electrical power unit (KW) and mechanical power unit (HP). |
| 2 | General electric analog and digital measuring instruments for measuring current, voltage, resistance, power factor, watt, frequency and other electric parameters. Standard wire gauge, Types of Cable, their glands. Testing of cables, locating faults, open circuit, short circuit and leakage in cables. Install and repair domestic/ Industrial appliances. Like tube light, ceiling fan, table fans, submersible pump, water pump, and AC. |
| 3 | **Safety rules:-** Working knowledge and measures related to safety and Electric supply regulation, and wirings rules, regulation, protection of person suffering from electric shock. |
| 4 | **Industrial wiring installations:-** Wiring layouts of different types such as PVC pipe, concealed, metal sheeted, cab type, sheeted, conduit and armored cables for lighting and power installation and industrial premises together with the necessary switchgear. Estimates of a material and cost of different type of Installations wiring of temporary installation and portable appliances. Making straight and tee joints in stranded insulated wire, Soldering lugs on wire and cables. Making joints such as Britannia, Western Union in Bare copper aluminum and A.C.S.R. wires, Battery, Solar Cell, Solar Rooftop Installation and wiring |
| 5 | Electrical connection of various house wiring circuits. For main and sub-distribution board switches and cutouts etc. together with the load statement for each circuit, and Lifts with their safety devices. Apparatus installation and maintenance of domestic appliances, electric bells and indicators, small motors for pumps and electric lifts. Energy measurement and Charges-Energy meters both D.C and A.C. for house service. Simple calculation relating to cost of energy. Metal filaments lamps, fluorescent lamps circuits. LED lamps and tubes, High voltage luminous tube Sign installations. General requirements of efficient lighting and its elementary calculations. Street lighting Time switches. |

SARDAR PATEL UNIVERSITY